# સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

## જાહેરનામુ

### સચિવાલય, ગાંધીનગર, ૧૧મી સપ્ટેમ્બર, ૨૦૦૮

**બાળ લગ્ન પ્રતિબંધ અધિનિયમ, ૨૦૦૬**

**ક્રમાંક : જી/એલ/૨-૨૦૦૮/બીએલવાય/૧૦૨૦૦૭/જી.એસ.-૦૯/છ:** બાળ લગ્ન પ્રતિબંધ અધિનિયમ, ૨૦૦૬ (સન ૨૦૦૭ના ૬ઠ્ઠા)ની કલમ ૧૯થી મળેલી સત્તા વાપરતા ગુજરાત સરકાર, આથી, નીચેના નિયમો કરે છે :-

૧. **ટૂંકી સંજ્ઞા અને આરંભ :** (૧) આ નિયમો બાળ લગ્ન પ્રતિબંધ નિયમો, ૨૦૦૮ કહેવાશે.
(૨) તે, રાજપત્રમાં તેમની પ્રસિદ્ધિની તારીખથી અમલમાં આવશે.

૨. **વ્યાખ્યા :** (૧) આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,-
(ક) "અધિનિયમ" એટલે બાળ લગ્ન પ્રતિબંધ અધિનિયમ, ૨૦૦૬
(ખ) "સમાજ સુરક્ષા નિયામક" એટલે રાજ્ય સરકારે સમાજ સુરક્ષા નિયામકની કચેરી માટે ખાતાના વડા તરીકે નીમેલા અધિકારી ;
(ગ) "પરિવીક્ષા અધિકારી (પ્રોબેશન ઓફિસર)" એટલે ગુનેગાર પરિવીક્ષા અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના ૨૦મા) ની કલમ હેઠળ નીમેલા મુખ્ય અધિકારી અથવા જિલ્લા પરિવીક્ષા અધિકારી અથવા પરિવીક્ષા અધિકારી ;
(ઘ) "પોલીસ અધિકારી" એટલે મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૨ની પેટા - કલમ (૧૧) માં વ્યાખ્યા કર્યા મુજબના અધિકારી.

૩. **કોર્ટોએ અનુસરવાની કાર્યરીતિ :** (૧) જિલ્લા કોર્ટ, અધિનિયમની કલમ ૩ હેઠળ ફોક ઠરવા બાબતનું હુકમનામુ આપતી વખતે અથવા અધિનિયમની કલમ ૪ હેઠળ હુકમો કરતી વખતે, બાળકની જરૂરીયાતો, આવા બાળકે પોતાના લગ્ન દરમિયાન ભોગવેલી જીવનશૈલી અને ખર્ચ ચૂકવતા પક્ષકારની આવકના સાધનોને લગતી તપાસ જરૂરી દસ્તાવેજો અને પુરાવાના આધારે કરવાના હેતુથી જિલ્લાના પીરવીક્ષા અધિકારી (પ્રોબેશન ઓફિસર) નો અહેવાલ માગશે.

(૨) બાળ લગ્નોને કારણે જન્મેલા બાળકોની કસ્ટડી માટે અધિનિયમની કલમ ૫ હેઠળ હુકમ કરતી વખતે, જિલ્લા કોર્ટ, અધિનિયમની કલમ ૫ની પેટા-કલમો (૨) અને (૩)માંની જોગવાઇઓને ધ્યાનમાં લઇને, બાળક અથવા બાળકીને રાખવા માટેની ભલામણ માટેના કારણો સહિત યોગ્ય વ્યકિતનો અને સ્થાનોને લગતો પરિવીક્ષા અધિકારી (પ્રોબેશન અધિકારી) નો અહેવાલ માગી શકશે.

૪. **રાજ્ય સરકારે અનુસરવાની કાર્યરીતિ :-** રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, અધિનિયમની કલમ ૧૬ની પેટા-કલમ (૧) હેઠળ જિલ્લા અથવા યથાપ્રસંગ, જિલ્લાઓના જૂથ માટે બાળલગ્ન પ્રતિબંધ અધિકારીની નિમણૂક કરશે.

૫. <u>બાળલગ્ન પ્રતિબંધ અધિકારીની ફરજો અને કાર્યો :-</u>

(૧) અધિનિયમની કલમ ૧૬ની પેટા-કલમ (૧) હેઠળ નીમેલા બાળલગ્ન પ્રતિબંધ અધિકારી અધિનિયમની કલમ ૧૬ની પેટા-કલમ (૩)માં જણાવ્યા મુજબના કાર્યો કરશે અને ફરજો બજાવશે.

(૨) બાળ લગ્ન પ્રતિબંધ અધિકારી, બાળ લગ્નના અનિષ્ટ વિરુદ્ધ જાગૃતિ લાવવાના હેતુથી સરકારના અથવા અર્ધસરકારી વિભાગો, કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકારની એજન્સીઓ અથવા બાળલગ્ન પ્રતિબંધમાં નિષ્ણાત જાણકારી ધરાવતી બીજી કોઈપણ સંસ્થાઓ અથવા એજન્સીઓની મદદથી વિવિધ પરંપરાગત અને આધુનિક પ્રચારમાધ્યમોનો હેતુપૂર્ણ ઉપયોગ કરશે.

(૩) બાળ લગ્ન પ્રતિબંધ અધિકારીએ બાળલગ્નના કિસ્સાઓ શોધી કાઢવા અને બાળલગ્નો થતા અટકાવવા માટે અથવા તેની પર પ્રતિબંધ મૂકવા માટેની મદદ કરવાનો અનુરોધ કરવા માટે પ્રવાસો અને મુલાકાતો યોજીને રાજકીય, સામાજિક અને જ્ઞાતિ સમૂહના આગેવાનો અથવા સરકારના અધિકારીઓ સાથે બેઠકો ગોઠવશે.

(૪) બાળ લગ્ન પ્રતિબંધ અધિકારીએ, સામાન્ય રીતે લોકો અને તેમના આગેવાનોને અથવા ખાસ કરીને જાગૃત નાગરિકોને પોતાના વિસ્તારો અથવા એવા સ્થળોએ બાળલગ્નો સમયસર અટકાવવાના હેતુથી બાળ લગ્નોની સંભવિત ઘટના વિશે થયેલા આવા કોઈ લગ્ન વિશેની અથવા સંબંધિત વ્યક્તિઓની વિરુદ્ધ યોગ્ય પગલા લેવા માટે પોતાને સમયસર માહિતી પૂરી પાડવા માટે પ્રોત્સાહિત કરવા જોઈશે.

(૫) જ્યારે બાળ લગ્ન પ્રતિબંધ અધિકારીને બાળ લગ્નોની સંભવિત ઘટનાઓ વિશે અથવા બાળલગ્નો અગાઉથી જ થઈ ચૂકયા હોય એવા કિસ્સાઓ વિશે પોતાને વ્યકિતગત રીતે અથવા સંચારના અન્ય કોઈ માધ્યમ મારફત કોઈ ફરિયાદ મળે ત્યારે, તેણે, આવા બાળલગ્ન થતા અટકાવવા માટેના અથવા તેને પ્રતિબંધિત કરવા માટેના અથવા યથાપ્રસંગ, યોગ્ય પગલા લેવા જોઈશે.

(૬) બાળ લગ્ન પ્રતિબંધ અધિકારીએ પોતાને મૌખિક રીતે અથવા લેખિતમાં અથવા સંચારના અન્ય કોઈપણ માધ્યમ મારફત મળેલી આવી ફરિયાદોનું રેકર્ડ રાખવા માટે એક રજિસ્ટર નિભાવવું જોઈશે, અને તેણે લીધેલા પગલાની નોંધ આ નિયમોને જોડેલા નમૂના અનુક્રમે ૧ અને ૨ માં કરવી જોઈશે.

(૭) બાળ લગ્ન પ્રતિબંધ અધિકારીએ યોગ્ય કાળજી, ગરિમા અને પ્રાથમિક ગોપનીયતા સહિત સંબંધિત પક્ષકારોની ગરિમા અને સ્વમાન જળવાય તે રીતે પોતાની ફરજો અને કાર્યો અદા કરવા જોઈશે.

(૮) ઉપર મુજબ પોતાની ફરજો બજાવતી વખતે, બાળ લગ્ન પ્રતિબંધ અધિકારીએ સંબંધિત વિસ્તારામા સમાજસેવાનું કામ કરતા સંબંધિત વિસ્તારામાં સભ્યો અથવા ગ્રામપંચાયત અથવા નગરપાલિકાના અધિકારી અથવા સરકાર કે કોઈ જાહેરક્ષેત્રના ઉપક્રમના અધિકારી અથવા રાજ્ય સરકારે વહીવટી હુકમથી લખતોવખત યાદીમાં નોંધણી કર્યા મુજબના બિનસરકારી સંગઠનના પદાધિકારી પાસેથી મદદ લેવી જોઈશે.

(૯) બાળલગ્ન પ્રતિબંધ અધિકારી પોતાની ફરજો બજાવવા માટે જિલ્લાના પરિવીક્ષા અધિકારીઓ (પ્રોબેશન ઓફિસર્સ) અથવા તાબાના અન્ય કોઈ કર્મચારીઓ પાસેથી યોગ્ય મદદ લઈ શકશે.

(૧૦) બાળ લગ્ન પ્રતિબંધ અધિકારીએ માસિક પ્રગતિ અહેવાલ અને ત્રિમાસિક પત્રક સમાજ સુરક્ષા નિયામકને આ નિયમોને જોડેલા નમૂના અનુક્રમે ૩ અને ૪ માં સાદર કરવું જોઇશે.

૬. **અર્થઘટન :** આ નિયમોના અર્થઘટનને લગતો કોઇ પ્રશ્ન ઉપસ્થિત થાય તો એવો પ્રશ્ન નિર્ણય માટે રાજય સરકારને લખી જણાવવો જોઇશે અને આવા પ્રશ્ન પર રાજય સરકારે આપેલો નિર્ણય આખરી અને તમામ સંબંધિતોને બંધનકર્તા ગણાશે.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

જયદીપ દ્રિવેદી
સરકારના નાયબ સચિવ

## સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

## જાહેરનામુ

## સચિવાલય, ગાંધીનગર, ૧૧મી સપ્ટેમ્બર, ૨૦૦૮

બાળ લગ્ન પ્રતિબંધ અધિનિયમ, ૨૦૦૬

ક્રમાંક : જી/એલ/૩-૨૦૦૮/બીએલવાય/૧૦૨૦૦૭/સી.એસ.-૯(૧)(છ): બાળ લગ્ન પ્રતિબંધ અધિનિયમ, ૨૦૦૬ (સન ૨૦૦૭ના ૬ઠ્ઠા) ની કલમ ૧૬ની પેટા-કલમ (૪)થી મળેલી સત્તા વાપરતા, ગુજરાત સરકાર, આથી, દરેક જિલ્લાના બાળ લગ્ન પ્રતિબંધ અધિકારીને આ અધિનિયમના હેતુ માટે પોલીસ અધિકારીની સત્તા સોંપે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જયદીપ દ્રિવેદી
સરકારના નાયબ સચિવ

# સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

## જાહેરનામુ

## સચિવાલય, ગાંધીનગર, ૧૧મી સપ્ટેમ્બર, ૨૦૦૮

બાળ લગ્ન પ્રતિબંધ અધિનિયમ, ૨૦૦૬

ક્રમાંક:જી/એલ/૪-૨૦૦૮/બીએલવાય/૧૦૨૦૦૭/સી.એસ.૯(૨)/છ: બાળ લગ્ન પ્રતિબંધ અધિનિયમ, ૨૦૦૬ (સન ૨૦૦૭ના ૬ઠ્ઠા) ની કલમ ૧૬ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તા વાપરતા, ગુજરાત સરકાર, આથી, દરેક જિલ્લાના જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીને બાળ લગ્ન પ્રતિબંધ અધિકારી તરીકે નીમે છે અને તેઓ સંબંધિત જિલ્લા / જિલ્લાઓમાં પોતાની હકૂમત ધરાવશે.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

જયદીપ દ્રિવેદી
સરકારના નાયબ સચિવ

## નમૂનો - ૧
## (જૂઓ નિયમ ૫ (૬))

### બાળ લગ્નો વિશે મળેલી ફરિયાદો (બાળલગ્ન થાય તે પહેલી મળેલી ફરિયાદો)નું રજિસ્ટર

| અનુ ક્રમાંક | ફરિયાદીનું નામ અને સરનામું | જેના લગ્ન થવાનો સંભવ હોય તે બાળક / બાળકોના નામ, ઉંમર અને સરનામું | જયાં આવા લગ્નની વિધિ કરવા ધાર્યું હોય તેની તારીખ, સમય અને સ્થળ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |

| જેના લગ્નની વિધિ થવાનો સંભવ હોય તે બાળક / બાળકોના માતાપિતા / વાલીઓના નામ અને સરનામા | માહિતીનો સ્રોત | અરજીની પદ્ધતિ<br>- લેખિત અરજી<br>- મૌખિક માહિતી<br>- ટેલીફોનિક સંદેશો<br>- રૂબરૂ મુલાકાત<br>-અન્ય કોઈપણ | અરજી મળ્યાની તારીખ અને સમય |
|---|---|---|---|
| ૫ | ૬ | ૭ | ૮ |

| અરજી બાબતમાં કરેલી તપાસ<br>- જો રૂબરૂ મુલાકાત લઈને કરેલી હોય તો તારીખ અને સમય<br>- જો પરિવીક્ષા અધિકારી મારફત થયેલી હોય તો જાણ કર્યાની તારીખ (જૂઓ કલમ ૧૬(૩)) | તપાસનો સંક્ષિપ્ત સાર | કોર્ટને અહેવાલ આપ્યાની તારીખ (અધિનિયમની કલમ ૧૬ની પેટા - કલમ (૫) | સુનાવણીની તારીખ |
|---|---|---|---|
| ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |

| કોર્ટે આખરી નિકાલ કર્યાની તારીખ | બાળ લગ્ન પ્રતિબંધ અધિકારીની સહી | વિશેષ નોંધ |
|---|---|---|
| ૧૩ | ૧૪ | ૧૫ |

## નમૂનો - ૨

### બાળલગ્ન વિશે મળેલી ફરિયાદો (બાળલગ્ન થઈ ગયા પછી મળેલી ફરિયાદો) નું રજિસ્ટર

| અનુ ક્રમાંક | ફરિયાદીનું નામ અને સરનામું | જેના લગ્ન થયા હોય તે બાળક / બાળકોના નામ, સરનામા અને ઉંમર | આવા લગ્નની વિધિની તારીખ સમય અને સ્થળ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |

| જેના લગ્ન થયા હોય તે બાળક / બાળકોના માતાપિતા / વાલીઓના નામ અને સરનામા | માહિતીનો સ્રોત | અરજીની પદ્ધતિ<br>- લેખિત અરજી<br>- મૌખિક માહિતી<br>- ટેલીફોનિક સદેશો<br>- રૂબરૂ મુલાકાત<br>-અન્ય કોઈપણ | અરજી મળ્યાની તારીખ અને સમય |
|---|---|---|---|
| ૫ | ૬ | ૭ | ૮ |

| અરજી બાબતમાં કરેલી તપાસ | તપાસનો સંક્ષિપ્ત સાર | કોર્ટને અહેવાલ આપ્યાની તારીખ (અધિનિયમની કલમ ૧૬ની પેટા - કલમ (૫) | સુનાવણીની તારીખ<br>(૧)<br>(૨)<br>(૩) |
|---|---|---|---|
| ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |

| કોર્ટ કરેલો આખરી નિકાલ, નિર્દોષ ઠરેલ હોય તો તે, દંડની રકમ, કેદની સજા વિ. અને નિકાલ કર્યાની તારીખ | બાળ લગ્ન પ્રતિબંધ અધિકારીની સહી | વિશેષ નોંધ |
|---|---|---|
| ૧૩ | ૧૪ | ૧૫ |

## નમૂનો - ૩ (જુઓ નિયમ ૫ (૧૦))

## બાળ લગ્ન પ્રતિબંધ અધિનિયમ, ૨૦૦૬ હેઠળનો માસિક પ્રગતિ અહેવાલ

જિલ્લો ................

મહિનો / વર્ષ ૨૦

૧. સંભવિત બાળ લગ્નના સંબંધમાં મહિનાની ૧લી તારીખે મળેલી ફરિયાદોની સંખ્યા ..........

૨. મહિના દરમિયાન મળેલી નવી ફરિયાદોની સંખ્યા (નમૂનો-૧)

૩. કુલ (નં. ૧ અને નં. ૨નો કુલ સરવાળો)

૪. મહિના દરમિયાન મળેલી ફરિયાદોની સંખ્યા (નમૂના - ૨ મુજબ)

૫. કુલ (નં.૩ અને નં. ૪ નો કુલ સરવાળો)

૬. ઉપરની ફરિયાદોના સંબંધમાં કરેલી તપાસ અને કોર્ટને સાદર કરેલો અહેવાલ (અધિનિયમની કલમ ૧૬(૫))

૭. મળેલા મનાઈ હુકમો અને પક્ષકારો પર બજાવેલા મનાઈ હુકમોની સંખ્યા :

૮. જાગૃતિ લાવવા માટે યોજેલી બેઠકોની સંખ્યા

૯. બાળ લગ્ન પર પ્રતિબંધ મૂકવા માટે વાપરેલા અન્ય સ્રોતોની વિગતો (નિયમ ૫ (૨))

૧૦. અધિકારીઓ અને અન્ય વ્યકિતઓ સાથેની બેઠકોની સંખ્યા (નિયમ ૫(૬))

૧૧. જિલ્લામાં સામાન્ય સ્થિતિ

૧૨. વિશેષ નોંધ

સ્થળ :-

તારીખ:-

સહી

બાળ લગ્ન પ્રતિબંધ અધિકારી

................. જિલ્લો

* આગામી મહિનાની ૧૦ મી તારીખ પહેલા સમાજ સુરક્ષા નિયામકને સાદર કરવું :

## નમૂનો - ૪ (જુઓ નિયમ ૫ (૧૦)

### * બાળ લગ્ન પ્રતિબંધ અધિનિયમ, ૨૦૦૬ હેઠળ ત્રિમાસિક પ્રગતિ અહેવાલ

જિલ્લો :- ..................

મહિના/ વર્ષ :- ...............

૧. ત્રિમાસની ૧ લી તારીખે અનિર્ણિત કેસોની સંખ્યા :

૨. ત્રિમાસ દરમિયાન સંભવિત બાળલગ્ન સંબંધી મળેલી ફરિયાદોની સંખ્યા (નમૂના-૧ મુજબ ):ન

૩. ત્રિમાસ દરમિયાન થયેલા બાળ લગ્ન સંબંધી મળેલા કેસોની સખ્યા (નમૂના ૨ મુજબ) :

૪. ૧+૨+૩ નો કુલ સરવાળો

૫. ત્રિમાસ દરમિયાન તપાસ કરેલા કેસોની સંખ્યા

૬. કોર્ટને અહેવાલ સાદર કર્યો હોય તેવા કેસોની સંખ્યા :-

૭. કોર્ટે નિકાલ કરેલા કેસોની સંખ્યા

૮. ત્રિમાસના છેલ્લા દિવસે બાળ લગ્ન પ્રતિબંધ અધિકારીની

**કચેરી ખાતે અનિર્ણિત કેસોની સંખ્યા :-**

- ૬ માસથી વધુ જૂના કેસ :-
- ૩ માસથી ૬ માસ વચ્ચેના કેસ :-
- ૧ માસથી ૩ માસ વચ્ચેના કેસ :-
- ૭ થી ૩૦ દિવસ વચ્ચેના કેસ:-
- ૭ દિવસથી ઓછા સમયગાળાના કેસ:-

કુલ :-

૯. ત્રિમાસ દરમિયાન હાથ ધરેલા જાગૃતિ કાર્યક્રમોની વિગતો :

(કાર્યક્રમોની સંખ્યા, તારીખ, અસર, પ્રતિભાવ વિ.)

૧૦. સરકારી અધિકારીઓ, બિન-સરકારી સંસ્થાઓ, રાજકીય, સામાજિક/ જ્ઞાતિસમૂહના આગેવાનો/ મહિલા/ યુવા સંગઠનો સાથે ત્રિમાસ દરમિયાન યોજેલી બેઠકો :

(તારીખ/ સ્થળ/ હાજર રહેલા લોકોની સંખ્યા / યોજેલી ચર્ચાનો પ્રકાર મળેલા સૂચનોનો સારાંશ)

૧૧. વિશેષ નોંધ :

સ્થળ :-

તારીખ :-

સહી

બાળ લગ્ન પ્રતિબંધ અધિકારી

.................. જિલ્લા

* આગામી મહિનાની ૧૦ મી તારીખ પહેલા સમાજ સુરક્ષા નિયામકને સાદર કરવું :

रजिस्ट्री सं० डी० एल०—(एन)04/0007/2006—08

REGISTERED NO. DL—(N)04/0007/2006—08

भारत का राजपत्र
The Gazette of India

असाधारण
EXTRAORDINARY
भाग II — खण्ड 1
PART II — Section 1
प्राधिकार से प्रकाशित
PUBLISHED BY AUTHORITY

सं० 6] नई दिल्ली, बृहस्पतिवार, जनवरी 11, 2007 / पौष 21, 1928
No. 6] NEW DELHI, THURSDAY, JANUARY 11, 2007 / PAUSA 21, 1928

इस भाग में भिन्न पृष्ठ संख्या दी जाती है जिससे कि यह अलग संकलन के रूप में रखा जा सके।
Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

## MINISTRY OF LAW AND JUSTICE
### (Legislative Department)

*New Delhi, the 11th January, 2007/Pausa 21, 1928 (Saka)*

The following Act of Parliament received the assent of the President on the 10th January, 2007, and is hereby published for general information:—

# THE PROHIBITION OF CHILD MARRIAGE ACT, 2006

## No. 6 OF 2007

[*10th January*, 2007.]

An Act to provide for the prohibition of solemnisation of child marriages and for matters connected therewith or incidental thereto.

Be it enacted by Parliament in the Fifty-seventh Year of the Republic of India as follows:—

Short title, extent and commencement.

**1.** (*1*) This Act may be called the Prohibition of Child Marriage Act, 2006.

(*2*) It extends to the whole of India except the State of Jammu and Kashmir; and it applies also to all citizens of India without and beyond India:

Provided that nothing contained in this Act shall apply to the Renoncants of the Union territory of Pondicherry.

(*3*) It shall come into force on such date as the Central Government may, by notification in the Official Gazette, appoint; and different dates may be appointed for different States and any reference in any provision to the commencement of this Act shall be construed in relation to any State as a reference to the coming into force of that provision in that State.

(2) While making an order for the custody of a child under this section, the welfare and best interests of the child shall be the paramount consideration to be given by the district court.

(3) An order for custody of a child may also include appropriate directions for giving to the other party access to the child in such a manner as may best serve the interests of the child, and such other orders as the district court may, in the interest of the child, deem proper.

(4) The district court may also make an appropriate order for providing maintenance to the child by a party to the marriage or their parents or guardians.

Legitimacy of children born of child marriages.

6. Notwithstanding that a child marriage has been annulled by a decree of nullity under section 3, every child begotten or conce[illegible]ed of such marriage before the decree is made, whether born before or after the comme[illegible]ent of this Act, shall be deemed to be a legitimate child for all purposes.

Power of district court to modify orders issued under section 4 or section 5.

7. The district court shall have the [illegible]ower to add to, modify or revoke any order made under section 4 or section 5 and if there is any change in the circumstances at any time during the pendency of the petition and even after the final disposal of the petition.

Court to which petition should be made.

8. For the purpose of grant of reliefs under sections 3, 4 and 5, the district court having jurisdiction shall include the district court having jurisdiction over the place where the defendant or the child resides, or where the marriage was solemnised or where the parties last resided together or the petitioner is residing on the date of presentation of the petition.

Punishment for male adult marrying a child.

9. Whoever, being a male adult above eighteen years of age, contracts a child marriage shall be punishable with rigorous imprisonment which may extend to two years or with fine which may extend to one lakh rupees or with both.

Punishment for solemnising a child marriage.

10. Whoever performs, conducts, directs or abets any child marriage shall be punishab[illegible] with rigorous imprisonment which may extend to two years and shall be liable to fine which may extend to one lakh rupees unless he proves that he had reasons to believe that the marriage was not a child marriage.

Punishment for promoting or permitting solemnisation of child marriages.

11. (1) Where a child contracts a child marriage, any person having charge of the child, whether as parent or guardian or any other person or in any other capacity, lawful or unlawful, including any member of an organisation or association of persons who does any act to promote the marriage or permits it to be solemnised, or negligently fails to prevent it from being solemnised, including attending or participating in a child marriage, shall be punishable with rigorous imprisonment which may extend to two years and shall also be liable to fine which may extend up to one lakh rupe[illegible]

Provided that no woman shall [illegible] [illegible]ishable with imprisonment.

(2) For the purposes of this sect[illegible] it shall be presumed, unless and until the contrary is proved, that where a minor child has contracted a marriage, the person having charge of such minor child has negligently failed to prevent the marriage from being solemnised.

Marriage of a minor child to be void in certain circumstances.

12. Where a child, being a minor—

(a) is taken or enticed out of the keeping of the lawful guardian; or

(b) by force compelled, or by any deceitful means induced to go from any place; or

(c) is sold for the purpose of marriage; and made to go through a form of marriage or if the minor is married after which the minor is sold or trafficked or used for immo[illegible]l purposes,

such marriage shall be null and void.

Child Marriage Prohibition Officers.

16. (1) The State Government shall, by notification in the Official Gazette, appoint for the whole State, or such part thereof as may be specified in that notification, an officer or officers to be known as the Child Marriage Prohibition Officer having jurisdiction over the area or areas specified in the notification.

(2) The State Government may also request a respectable member of the locality with a record of social service or an officer of the Gram Panchayat or Municipality or an officer of the Government or any public sector undertaking or an office bearer of any non-governmental organisation to assist the Child Marriage Prohibition Officer and such member, officer or office bearer, as the case may be, shall be bound to act accordingly.

(3) It shall be the duty of the Child Marriage Prohibition Officer—

(a) to prevent solemnisation of child marriages by taking such action as he may deem fit;

(b) to collect evidence for the effective prosecution of persons contravening the provisions of this Act;

(c) to advise either individual cases or counsel the residents of the locality generally not to indulge in promoting, helping, aiding or allowing the solemnisation of child marriages;

(d) to create awareness of the evil which results from child marriages;

(e) to sensitize the community on the issue of child marriages;

(f) to furnish such periodical returns and statistics as the State Government may direct; and

(g) to discharge such other functions and duties as may be assigned to him by the State Government.

(4) The State Government may, by notification in the Official Gazette, subject to such conditions and limitations, invest the Child Marriage Prohibition Officer with such powers of a police officer as may be specified in the notification and the Child Marriage Prohibition Officer shall exercise such powers subject to such conditions and limitations, as may be specified in the notification.

(5) The Child Marriage Prohibition Officer shall have the power to move the Court for an order under sections 4, 5 and 13 and along with the child under section 3.

Child Marriage Prohibition Officers to be public servants.

17. The Child Marriage Prohibition Officers shall be deemed to be public servants within the meaning of section 21 of the Indian Penal Code. 45 of 1860.

Protection of action taken in good faith.

18. No suit, prosecution or other legal proceedings shall lie against the Child Marriage Prohibition Officer in respect of anything in good faith done or intended to be done in pursuance of this Act or any rule or order made thereunder.

Power of State Government to make rules.

19. (1) The State Government may, by notification in the Official Gazette, make rules for carrying out the provisions of this Act.

(2) Every rule made under this Act shall, as soon as may be after it is made, be laid before the State Legislature.

Amendment of Act No. 25 of 1955.

20. In the Hindu Marriage Act, 1955, in section 18, for clause (a), the following clause shall be substituted, namely:—

"(a) in the case of contravention of the condition specified in clause (iii) of section 5, with rigorous imprisonment which may extend to two years or with fine which may extend to one lakh rupees, or with both".

Definitions.

2. In this Act, unless the context otherwise requires,—

(*a*) "child" means a person who, if a male, has not completed twenty-one years of age, and if a female, has not completed eighteen years of age;

(*b*) "child marriage" means a marriage to which either of the contracting parties is a child;

(*c*) "contracting party", in relation to a marriage, means either of the parties whose marriage is or is about to be thereby solemnised;

(*d*) "Child Marriage Prohibition Officer" includes the Child Marriage Prohibition Officer appointed under sub-section (*1*) of section 16;

(*e*) "district court" means, in any area for which a Family Court established under section 3 of the Family Courts Act, 1984 exists, such Family Court, and in any area for which there is no Family Court but a city civil court exists, that court and in any other area, the principal civil court of original jurisdiction and includes any other civil court which may be specified by the State Government, by notification in the Official Gazette, as having jurisdiction in respect of the matters dealt with in this Act; 66 of 1984

(*f*) "minor" means a person who, under the provisions of the Majority Act, 1875 is to be deemed not to have attained his majority. 9 of 1875

Child marriages to be voidable at the option of contracting party being a child.

3. (*1*) Every child marriage, whether solemnised before or after the commencement of this Act, shall be voidable at the option of the contracting party who was a child at the time of the marriage:

Provided that a petition for annulling a child marriage by a decree of nullity may be filed in the district court only by a contracting party to the marriage who was a child at the time of the marriage.

(*2*) If at the time of filing a petition, the petitioner is a minor, the petition may be filed through his or her guardian or next friend along with the Child Marriage Prohibition Officer.

(*3*) The petition under this section may be filed at any time but before the child filing the petition completes two years of attaining majority.

(*4*) While granting a decree of nullity under this section, the district court shall make an order directing both the parties to the marriage and their parents or their guardians to return to the other party, his or her parents or guardian, as the case may be, the money, valuables, ornaments and other gifts received on the occasion of the marriage by them from the other side, or an amount equal to the value of such valuables, ornaments, other gifts and money:

Provided that no order under this section shall be passed unless the concerned parties have been given notices to appear before the district court and show cause why such order should not be passed.

Provision for maintenance and residence to female contracting party to child marriage.

4. (*1*) While granting a decree under section 3, the district court may also make an interim or final order directing the male contracting party to the child marriage, and in case the male contracting party to such marriage is a minor, his parent or guardian to pay maintenance to the female contracting party to the marriage until her remarriage.

(*2*) The quantum of maintenance payable shall be determined by the district court having regard to the needs of the child, the lifestyle enjoyed by such child during her marriage and the means of income of the paying party.

(*3*) The amount of maintenance may be directed to be paid monthly or in lump sum.

(*4*) In case the party making the petition under section 3 is the female contracting party, the district court may also make a suitable order as to her residence until her remarriage.

Custody and maintenance of children of child marriages.

5. (*1*) Where there are children born of the child marriage, the district court shall make an appropriate order for the custody of such children.

Power of court to issue injunction prohibiting child marriages.

13. (*1*) Notwithstanding anything to the contrary contained in this Act, if, on an application of the Child Marriage Prohibition Officer or on receipt of information through a complaint or otherwise from any person, a Judicial Magistrate of the first class or a Metropolitan Magistrate is satisfied that a child marriage in contravention of this Act has been arranged or is about to be solemnised, such Magistrate shall issue an injunction against any person including a member of an organisation or an association of persons prohibiting such marriage.

(*2*) A complaint under sub-section (*1*) may be made by any person having personal knowledge or reason to believe, and a non-governmental organisation having reasonable information, relating to the likelihood of taking place of solemnisation of a child marriage or child marriages.

(*3*) The Court of the Judicial Magistrate of the first class or the Metropolitan Magistrate may also take *suo motu* cognizance on the basis of any reliable report or information.

(*4*) For the purposes of preventing solemnisation of mass child marriages on certain days such as *Akshaya Trutiya*, the District Magistrate shall be deemed to be the Child Marriage Prohibition Officer with all powers as are conferred on a Child Marriage Prohibition Officer by or under this Act.

(*5*) The District Magistrate shall also have additional powers to stop or prevent solemnisation of child marriages and for this purpose, he may take all appropriate measures and use the minimum force required.

(*6*) No injunction under sub-section (*1*) shall be issued against any person or member of any organisation or association of persons unless the Court has previously given notice to such person, members of the organisation or association of persons, as the case may be, and has offered him or them an opportunity to show cause against the issue of the injunction:

Provided that in the case of any urgency, the Court shall have the power to issue an interim injunction without giving any notice under this section.

(*7*) An injunction issued under sub-section (*1*) may be confirmed or vacated after giving notice and hearing the party against whom the injunction was issued.

(*8*) The Court may either on its own motion or on the application of any person aggrieved, rescind or alter an injunction issued under sub-section (*1*).

(*9*) Where an application is received under sub-section (*1*), the Court shall afford the applicant an early opportunity of appearing before it either in person or by an advocate and if the Court, after hearing the applicant rejects the application wholly or in part, it shall record in writing its reasons for so doing.

(*10*) Whoever knowing that an injunction has been issued under sub-section (*1*) against him disobeys such injunction shall be punishable with imprisonment of either description for a term which may extend to two years or with fine which may extend to one lakh rupees or with both:

Provided that no woman shall be punishable with imprisonment.

Child marriages in contravention of injunction orders to be void.

14. Any child marriage solemnised in contravention of an injunction order issued under section 13, whether interim or final, shall be void *ab initio*.

Offences to be cognizable and non-bailable.

15. Notwithstanding anything contained in the Code of Criminal Procedure, 1973, an offence punishable under this Act shall be cognizable and non-bailable. 2 of 1974.

Repeal and savings. **21.** (*1*) The Child Marriage Restraint Act, 1929 is hereby repealed. 19 of 1929.

(*2*) Notwithstanding such repeal, all cases and other proceedings pending or continued under the said Act at the commencement of this Act shall be continued and disposed of in accordance with the provisions of the repealed Act, as if this Act had not been passed.

---

K. N. CHATURVEDI,
*Secy. to the Govt. of India.*

Carry 3 of 3

PRINTED BY THE MANAGER, GOVERNMENT OF INDIA PRESS, MINTO ROAD, NEW DELHI AND PUBLISHED BY THE CONTROLLER OF PUBLICATIONS, DELHI, 2007.

MGIPMRND—54GI(S1)—15.01.2007.

Extra No. 122

REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLIX] THURSDAY, SEPTEMBER 11, 2008/BHADRA 20, 1930

Separate paging is given to this part in order that it may be filed as a Separate Compilation.

## PART IV-A

**Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by the Government of Gujarat under the Central Acts.**

SOCIAL JUSTICE & EMPOWERMENT DEPARTMENT

**Notification**

Sachivalaya, Gandhinagar, 11th September, 2008.

PROHIBITION CHILD MARRIAGE ACT, 2006.

No. G/L/2-2008/BLY/102007/ G.S.-09/CHH in exercise of the powers conferred by section 19 of the Prohibition of Child Marriage Act,2006 (6 of 2007), the Government of Gujarat hereby makes following rules, namely:-

1. **Short title and Commencement:** (1) These rules may be called the Prohibition of Child Marriage Rules - 2008. (2) They shall come into force on the date of their publication in the Official Gazette.

2. **Definitions:-** (1) In these rules, unless the context otherwise requires –
   - (a) 'Act' means the Prohibition of Child Marriage Act, 2006.
   - (b) 'Director of Social Defence' means the Officer appointed by the State Government as the Head of Department for the Directorate of Social Defence;
   - (c) 'Probation Officer' means a Chief Officer or a District Probation Officer or Probation Officer appointed under section 13 of the Probation of Offenders Act, 1958 (20 of 1958);
   - (d) ' Police Officer' means an Officer as defined in sub-section (11) of Section 2 of the Bombay Police act,1951.

(2) The words and expressions used in these rules but not defined shall have the meanings respectively assigned to them in the Act.

3. Procedure to be followed by the Court: (1) The District Court, while granting a decree of nullity under section 3 of the act or while making orders under section 4 of Act, shall call for a report of the Probation Officer of the District, to make an inquiry about the needs of the child, the life style enjoyed by such child during her marriage and the means of the income of the paying party with support of necessary documents and evidence.

(2) While making an order under section 5 of the Act for the custody of the children born of the child marriages the District Court may call for the report of the Probation Officer of the District regarding the appropriate persons and places for keeping the child, along with the reasons for his or her recommendation, keeping in view the provisions contained in sub-sections (2) and (3) of section 5 of the Act.

4. **Procedure to be followed by the State Government:-** The State Government by notification in Official Gazette, shall it a appoint the Child Marriage Prohibition Officer for a district or a group of districts, as the case may be, under Sub section (1) section 16 of the Act.

5. **Duties and Functions of Child Marriage Prohibition Officer:-**

(1) The Child Marriage Prohibition Officer appointed under sub section (1) of section 16 of the Act, shall perform the functions and duties as mentioned in sub-section (3) of section 16 of the Act.

(2) The Child Marriage Prohibition Officer shall for the purpose of creating awareness against the evil of Child Marriage shall make purposeful use of various traditional and modern media, with the help of concerned Government or Semi - Government Departments , Agencies of the Central Government or the State Government or any other organization or agencies having expertise.

(3) The Child Marriage Prohibition Officer shall conduct tours and visits and arrange meeting with various Political, Social and Caste group leaders or the Government Official, to solicit their support in locating the cases of Child Marriages and preventing them or prohibiting them from taking place.

(4) The Child Marriage Prohibition Officer shall encourage the people in general and their leaders or awakened citizens in particular, to provide timely information about the likely incident of child marriages in their areas or localities for the purpose of prohibiting them in time; or about such marriages having taken place to take appropriate action against the concerned persons.

(5) When The Child Marriage Prohibition Officer receives any complaint in person or through other means of communication about the likely incidents of child marriages or the cases where child marriages have already taken place, he shall take immediate appropriate action to prevent or prohibit them or for take appropriate legal action, as the case may be.

(6) The Child Marriage Prohibition Officer shall maintain a register to record such complaints received orally or in writing or through any other means of communication and shall record the actions taken by him in form I and II respectively, appended to these rules.

(7) The Child Marriage Prohibition Officer shall discharge his duties and functions as the Child Marriage Prohibition Officer with due care, decorum, primary confidentiality and in a manner to up hold the dignity and self respect of the concerned parties.

(8) In discharging his duties as above, the Child Marriage Prohibition Officer shall take the assistance from the respectable members of the locality with a record of social service or an officer of the Gram Panchayat or Municipality or an Officer of the Government or any Public Sector Undertaking or an Office bearer of any Non Government Organization as enlisted by the State Government from time to time by an administrative order.

(9) The Child marriage Prohibition Officer may take appropriate assistance from the Probation Officers of the district or any other subordinate staff in his office to discharge of his duties.

(10) The Child Marriage Prohibition Officer shall submit monthly progress report and quarterly statement to the Director of Social Defence in form III and IV respectively appended to these rules.

(11) The Child Marriage Prohibition Officer shall discharge such other functions and duties as may be assigned to him by the State Government.

6. **Interpretation:-** If any question arises relating to the interpretation of these rules, the same shall be referred to the State Government for decision and the decision of the State Government shall be final and binding on all concerned.

By order and in the name of the Governor of Gujarat,

**JAYDEEP DVIVEDI,**
Deputy Secretary to Government.

**Government Central Press, Gandhinagar.**